# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૫૫/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૧૦ -૦૫ - ૨૦૧૮

પ્રતિ,
**શ્રી બંશરી ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી તર્ફે**
**વ.ક. પટેલ મહેન્દ્રભાઈ ત્રીભોવોનદાસ**
**મુ.પો. પાદરા,**
**તા. જી. વડોદરા.**

વિષય : મોજે **પાદરા,** તા. જી. વડોદરાના **રે.સ.નં.૧૧૪૭, ટી.પી.સ્કીમ નં. ૨, પાદરા એફ.પી. નં.૪૦ માં ત્રણ સબપ્લોટ પૈકી સબ પ્લોટ નં. ૨ વાળી જમીનમાં એક લોરાઈઝ ટાવરમાં ૩૨ દુકાનો તથા ૧૪ ઓફીસોના વાણીજ્ય હેતુ ના બાંધકામ** માટે રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ : આપની તા.૧૫/૦૨/૨૦૧૮ ની અરજી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગીના અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. વિદિત થાય.

નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની મળેલ મંજુરી અનુસાર

TRUE COPY
RUCHIR SHETH
ARCHITECT
VUDA Lic NO. A-308-20 to 20
VUDA Lic No. S.S.-154-20 to 20
VMSS Lic No. CA-57 20 to 20

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા

નકલ રવાના પ્રતિ :

- કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ તથા
- જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## રીવાઈઝડ વિકાસ પરવાનગી

**શ્રી બંશરી ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી તર્ફે વ.ક. પટેલ મહેન્દ્રભાઈ ત્રીભોવોનદાસ** ગામ પાદરા, તા.જી.વડોદરામાં **રે.સ.નં.૧૧૪૭, ટી.પી.સ્કીમ નં. ૨, પાદરા એફ.પી. નં.૪૦ વાળી જમીનનુ ક્ષેત્રફળ ૪૮૧૦.૦૦ ચો.મી. માં ત્રણ સબપ્લોટ પૈકી સબ પ્લોટ નં. ૨** માં ૧૩૪૫.૦ ચો.મી. જમીનમાં બાંધકામ ક્ષેત્રફળ, બેઝમેન્ટ પાર્કીંગ, **ગ્રાઉન્ડ ફ્લોર ૪૬૨.૦૮ ચો.મી, પ્રથમ માળ ૬૬૫.૦૭ ચો.મી., બીજો માળ ૬૬૫.૦૭, ત્રીજો માળ ૬૬૫.૦૭ ચો.મી. ચોથો માળ ૬૬૫.૦૭ ચો.મી. મળી કુલ ૩૧૨૨.૩૬ ચો.મી. માં એક લોરાઈઝ ટાવરમાં, ૩૨ દુકાનો તથા ૧૪ ઓફીસોના વાણીજ્ય હેતુ ના બાંધકામ માટે** નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ – ૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨) હેઠળ રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**ખાસ શરતો :-**

(૧) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિધુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક :વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઈ મુજબ કુલ-૭૩ વૃક્ષોનુ વાવેતર / જાળવણી કરવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ પરિપત્ર નં : પરચ/૧૦૨૦૦૪૧/૧૯૬૧/લ, તા૨૭/૭/૨૦૧૦ ની જોગવાઈ મુજબ પરકોલેટીંગ પીટની જોગવાઈ કરવાની રહેશે.

(૪) જી.ડી.સી.આર.– ૨૦૦૬ ના ક્લોઝ નં.૩.૬ ની મેન્ડેટરી ડીસ્ક્લોઝરની જોગવાઈનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) ગુજરાત રીયલ એસ્ટેટ-૨૦૧૬ ની જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે.

(૬) ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરાનુ "ના વાંધા પ્રમાણપત્ર" નં. અ.તા.સે. જા.નં.૨૭૧૯/૨૦૧૭-૧૮, તા.૧૬/૦૨/૨૦૧૮ ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે) તથા ફાયનલ ફાયર "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનુ રહેશે તથા ફાયર શેફટીની જાળવણી કરવા સહીતની તમામ જવાબદારી અરજદારશ્રી, જમીન માલીક, ડેવલોપરશ્રી તથા વપરાશકારોની રહેશે.

(૭) ઓકયુપન્સી સર્ટીફીકેટ લેતા પહેલા અરજદારશ્રીએ બિલ્ડીંગનો ઈન્શ્યોરન્સ રજુ કરવાનો રહેશે તથા સ્ટ્રકચરલ એક્ષપર્ટ રીપોર્ટ રજુ કરવાનો રહેશે.

(૮) સવાલવાળી જમીનના પ્રાથમિક વિકાસ માટે લાઈટ, પાણી, ગટર, એપ્રોચ વિગેરેની કાયમી સુવિધા સત્તામંડળ અથવા અન્ય સંસ્થા ધ્વારા પુરી પાડવામાં ન આવે ત્યાંસુધી આ સુવિધાઓ પુરી પાડવાની સંપુર્ણ જવાબદારી અરજદારની રહેશે.

નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની મળેલ મંજુરી અનુસાર

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૫૪/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૧૦/૦૪/૨૦૧૮

TRUE COPY
RUCHIR SHETH
ARCHITECT
VUDA Lic NO. A-308-20 to 20
VUDA Lic No. S.S.-154-20 to 20
VMSS Lic No. CA-57 20 to 20

નકલ રવાના પ્રતિ :

- કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ તથા
- જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.